વડોદરાની ફૂડ કંપનીની ભૂમિકા પણ તપાસના દાયરામાં

# થાઈલેન્ડથી ૨૩ કિલો 'માંસ' લાવનાર વડોદરાનો પેસેન્જર શંકાના ઘેરામાં

## ત્રણ હેન્ડબેગમાં વેક્યૂમ પેક કરેલું પ્રતિબંધિત માંસ મળી આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થાઈલેન્ડથી આવેલા વડોદરાની ફૂડ કંપનીના પ્રતિનિધિ પાસેથી ત્રણ હેન્ડબેગમાંથી આશરે 23 કિલો માંસ મળી આવતાં ચકચાર મચી છે. આ કેસમાં ખાસ વાત એ છે કે માંસ કોઈ સામાન્ય મુસાફર લઈને આવ્યો નહોતો, પરંતુ વડોદરાની ફૂડ કંપનીના પ્રતિનિધિ તરીકે થાઈલેન્ડ ગયેલા પેસેન્જરની બેગમાંથી આ જથ્થો મળી આવ્યો હતો. જેના કારણે હવે કસ્ટમ્સની તપાસમાં પેસેન્જરની સાથે કંપની અને તેના જવાબદાર લોકોની ભૂમિકા પણ મહત્વની બની છે.આ કેસમાં સૌથી મોટો સવાલ એ છે કે વડોદરાની ફૂડ કંપનીના પ્રતિનિધિને થાઈલેન્ડથી 23 કિલો માંસ ત્રણ હેન્ડબેગમાં લાવવાની જરૂર કેમ પડી? જો આ માંસ કંપનીના વ્યવસાયિક હેતુ માટે લાવવામાં આવ્યું હોય તો તેની ખરીદી કોણે કરી હતી, થાઈલેન્ડમાં કોની પાસેથી લેવામાં આવ્યું હતું અને કંપનીના કયા અધિકારીને તેની જાણ હતી તે અંગે તપાસ જરૂરી બને છે. બીજી તરફ, જો પેસેન્જર પોતાની રીતે આ માંસ લઈને



આવ્યો હોય તો આટલી મોટી માત્રામાં માંસ સાથે મુસાફરી કરવાનો હેતુ શું હતો અને અમદાવાદ પહોંચ્યા બાદ આ માંસ કોને આપવાનું હતું તે પણ તપાસનો વિષય છે. આથી કસ્ટમ્સની તપાસ હવે માત્ર પેસેન્જરના નિવેદન સુધી મર્યાદિત ન રહેતાં ફૂડ કંપનીના માલિકો અને જવાબદાર વ્યક્તિઓ સુધી પહોંચે છે કે કેમ, તેના પર નજર છે.

### વેક્યૂમ પેકિંગથી અનેક સવાલ

થાઈલેન્ડથી અમદાવાદ આવેલા વડોદરાના પેસેન્જરની ત્રણ હેન્ડબેગની તપાસ દરમિયાન આશરે 23 કિલો માંસ મળી આવ્યું હતું. આ માંસ પ્લાસ્ટિકમાં વેક્યૂમ પેક કરવામાં આવ્યું હતું. પેસેન્જર બેગેજમાં આટલી મોટી માત્રામાં માંસ લાવવામાં આવતાં કસ્ટમ્સ અધિકારીઓને શંકા ગઈ હતી.આ પ્રકારનું માંસ સામાન્ય પેસેન્જર બેગેજમાં લાવી શકાય કે નહીં અને તેની આયાત માટે કોઈ મંજૂરી જરૂરી હતી કે નહીં તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. કસ્ટમ્સ વિભાગે પેસેન્જરનું નિવેદન નોંધ્યું છે અને માંસને કેસની તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી જપ્ત રાખ્યું છે. બે માસ પૂર્વે માંસ કયા પશુ કે પક્ષીનું છે તે જાણવા માટે તેના સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરી રિપોર્ટ આ સમગ્ર કેસની તપાસમાં સૌથી મહત્વની કડી બની શકે છે.

સામાપક્ષના કબજો પણ છોડતા નથી

# કોર્ટ હુકમ બાદ પણ અટલાદરાની જમીનમાં ઘૂસીને શેડનુ તાળું તોડ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
અટલાદરા વિસ્તારમાં જમીનના કબજાને લઈને એવો વિવાદ સામે આવ્યો છે જેમાં ફરિયાદીએ કોર્ટના હુકમથી પોતાની તરફેણમાં દસ્તાવેજ અને કબજો મળ્યા બાદ સામે પક્ષે ગેરકાયદેસર રીતે જમીનમાં પ્રવેશ કરી વર્કશોપના શેડનું તાળું તોડી નાખ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. એટલું જ નહીં, જમીનમાં લગાવેલા CCTV કેમેરા પણ તોડી નાખવામાં આવ્યા હોવાની ફરિયાદ સાથે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગંભીર આરોપ પણ લગાવવામાં આવ્યો છે. ફરિયાદી આનંદ ભરતભાઈ સાલ જમીન લે-વેચનો વ્યવસાય કરે છે. ફરિયાદ મુજબ અટલાદરા વિસ્તારમાં ચંદ્રપાલસિંહ ભુપેન્દ્રસિંહ ચૌહાણની માલિકીની જમીનના સોદા અંગે બંને પક્ષો વચ્ચે બાનાખત અને નાણાકીય વ્યવહાર થયો હતો. જમીનના વેચાણ દસ્તાવેજને લઈને વિવાદ ઊભો થતાં મામલો અંતે સિવિલ કોર્ટ સુધી પહોંચ્યો હતો. કોર્ટમાં ચાલેલી કાર્યવાહી દરમિયાન ફરિયાદીની તરફેણમાં હુકમ થયા બાદ કોર્ટ કમિશનર મારફતે સંબંધિત જમીન તથા તેમાં આવેલા શેડ સહિતની મિલકતનો વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરિયાદીને સ્થળનો કબજો પણ સોંપવામાં આવ્યો હતો. ફરિયાદીનો દાવો છે કે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓએ જમીનમાં વર્કશોપ શરૂ કર્યો હતો અને સુરક્ષા માટે CCTV કેમેરા પણ લગાવ્યા હતા. ચંદ્રપાલસિંહ ચૌહાણ જમીનના ગેટમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હતા. તેમણે વર્કશોપના શેડનું તાળું તોડી નુકસાન કર્યું હતું. આ ઉપરાંત ફરિયાદીએ લગાવેલા CCTV કેમેરા પણ તોડી નાખ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જમીનમાં ફોરવ્હીલર વર્કશોપ ચલાવવાનો પ્રયાસ કરાયો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ ઘટનાની જાણ થતાં ફરિયાદી તરફથી મેનેજર સહિતના લોકોએ ચંદ્રપાલસિંહને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે આ જગ્યાએ ફરી પગ મૂક્યો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપવામાં આવી હોવાનો ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. કોર્ટના હુકમથી દસ્તાવેજ અને કબજો મળ્યા બાદ પણ જમીનને લઈને ઉભો થયેલો આ વિવાદ હવે પોલીસ ફરિયાદ સુધી પહોંચ્યો છે. પોલીસે ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

૭ મોબાઇલ, ૨ વાહન અને રોકડ સહિત રૂ.૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત

# વડસરમાં બંધ મકાન પાસે ચાલતા જુગાર પર PCBની રેડ, ૯ ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
વડસર ગામના ઓડવાળા ફળિયામાં બંધ મકાનની બાજુમાં આવેલા ખુલ્લા ઓટલા પર જાહેરમાં પત્તા-પાના અને રોકડની હારજીતનો જુગાર રમતા નવ શખ્સોને PCBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની રેડ દરમિયાન જુગારીઓમાં નાસભાગ મચી હતી, જોકે તમામ નવેયને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને વાહનો સહિત રૂ.1.72 લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. વડસર ગામે બંધ મકાન પાસે ખુલ્લેઆમ જુગારની મહેફિલ ચાલતી હોવાની બાકી PCB પોલીસને મળી હતી કે વડસરના ઓડવાળા ફળિયામાં કરશનબેનના બંધ મકાનની બાજુમાં આવેલા ખુલ્લા ઓટલા પર કેટલાક ઈસમો જાહેરમાં પત્તા-પાના તથા રોકડ રકમથી જુગાર રમી રહ્યા છે. બાતમીને આધારે PCB ટીમે સ્થળ પર દરોડો પાડતા જુગાર રમતા નવ ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી 7 મોબાઈલ ફોન કિંમત રૂ.40 હજાર, બે વાહનો કિંમત રૂ.1 લાખ તથા અંગઝડતી અને દાવ પરની રોકડ રૂ.33 હજાર મળી રૂ.1.72 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા નવેય આરોપીઓ વડોદરા શહેરના વડસર, કારેલીબાગ સહિતના વિસ્તારોમાં રહેતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.



**ઝડપાયેલા ૯ જુગારીઓ**

| | |
|---|---|
| વિજયભાઈ કાળીદાસ માળી - | વડસર |
| વિશાલભાઈ દિલીપભાઈ ભાલીયા | વડસર |
| રમેશભાઈ રણછોડભાઈ ભાલીયા | વડસર |
| સન્નીગીરી અશ્વિનગીરી ગોસાઈ | વડસર |
| પ્રકાશ માનસીંગ ભાલીયા | વડસર |
| મિતેષકુમાર કાંતીભાઈ પટેલ | વડસર |
| મહેશ રાજુભાઈ મારવાડી | કારેલીબાગ |
| શૈલેષભાઈ સોનાભાઈ રાઠોડ | વડસર |
| પરેશ ભીખાભાઈ ભાલીયા | વડસર |

આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરાશે

# લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેર - ઉદ્યમનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.3
લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા ગુજરાતના સૌથી મોટા ઔદ્યોગિક પ્રદર્શન એવા ૧૫મા ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેર - ઉદ્યમ ૨૦૨૬નું તા. ૨૩થી ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તે કાર્યક્રમ અંગે માહિતી આપવા માટે શહેરમાં ફેરના લોંચનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ડિસ્ટ્રીક ઈન્ડસ્ટ્રીસ સેન્ટરના જનરલ મેનેજર કે.વી. મોરી સાથે શહેર નજીકની ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખો હાજર રહ્યા હતા. જે વિશે માહિતી આપતા લઘુ ઉદ્યોગ ભારતી, વડોદરાના પ્રમુખ વિરલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ ફેર સ્જીસ્ઈ ઉદ્યોગો માટે ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશીપ અને આર્થિક વૃદ્ધિનું મજબૂત પ્લેટફોર્મ બની રહેશે. જે આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાના વિઝનને વધુ મજબૂત બનાવશે. ૫૦,૦૦૦ ચોરસ મીટર ટ્રેડ એરિયામાં ફેલાયેલા ફેરમાં આ વખતે ૧.૫ લાખથી વધુ મુલાકાતીઓ આવશે અને અંદાજે રૂપિયા ૧૦૦૦ કરોડના બિઝનેસ થવાની અપેક્ષા છે. ફેરમાં એન્જિનિયરિંગ, ટેક્સટાઈલ, ફાર્મા, પ્લાસ્ટિક, રિન્યુએબલ એનર્જી અને ડિફેન્સ સહિતના અનેક સેક્ટર્સને આવરી લેવામાં આવશે.

VMC સ્થાયી સમિતિમાં ૨૯થી વધુ કામો પર મહોર

# નવો કોમ્યુનિટી હોલ, મશીનરી ખરીદી અને વિદેશ ટ્રેનિંગને લીલી ઝંડી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓમાં વધારો કરતા 29 મુખ્ય કામો સહિત એક વધારાના કામને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં આગામી 8 સપ્ટેમ્બરના રોજ યોજાનારા VVIP કાર્યક્રમની પૂર્વ તૈયારીઓથી લઈને શહેરના પાયાના માળખાકીય વિકાસના કરોડો રૂપિયાના કામો પર આખરી મહોર મારવામાં આવી હતી. શહેરની સ્વચ્છતા, પ્રી-મોન્સૂન કામગીરી અને સુએજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે સ્થાયી સમિતિ દ્વારા વાહનો અને મશીનરીની ખરીદી માટે માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. જે અંતર્ગત રૂ. 2.86 કરોડના ખર્ચે 8 નવા સકશન મશીન અને રૂ. 1.77 કરોડના ખર્ચે 10 નવા ટ્રક ડમ્પર ખરીદવાની દરખાસ્તને લીલી



ઝંડી મળી છે. આ ઉપરાંત, પ્રી-મોન્સૂન કામગીરી ઝડપથી પૂર્ણ થઈ શકે તે હેતુથી રૂ. 1.35 કરોડની મર્યાદામાં પોકલેઈન મશીન ભાડે લેવાના નિર્ણયને પણ સમર્થન આપવામાં આવ્યું છે. પાલિકાના ખાતામાં વધુ બે ચેન ટાઈપ બુલડોઝરનો ઉમેરો કરવા માટે રૂ. 4.40 કરોડના ખર્ચની દરખાસ્ત મંજૂર કરાઈ છે, જ્યારે માંજલપુર વિસ્તાર માટે રૂ. 19.27 લાખના ખર્ચે નવી એનિમલ રેસ્ક્યુ વાન ખરીદવામાં આવશે. નાગરિક સુવિધા અને કલા-સંસ્કૃતિના જતન તરફ ધ્યાન દોરતા, છાણી TP-13 વિસ્તારમાં સ્થાનિક રહીશો માટે રૂ. 8.37 કરોડના ભવ્ય ખર્ચે નવો આધુનિક કોમ્યુનિટી હોલ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. સાથોસાથ શહેરની ઐતિહાસિક વિરાસત સમાન માંડવી ગેટના સમારકામ અને જાળવણી માટે રૂ. 11.30 લાખનું ચૂકવણું પણ મંજૂર કરવામાં આવ્યું છે. વહીવટી અને ટેકનિકલ બાબતો અંગે નિર્ણય લેતા કે, વસતિ ગણતરી-2027ની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ થઈ શકે તે માટે ટેકનિકલ આસિસ્ટન્ટ્સની સેવાઓ આગામી 16 મહિના માટે લંબાવવામાં આવશે. આ સિવાય વૈશ્વિક સ્તરે આપત્તિ વ્યવસ્થાપનની શ્રેષ્ઠ પદ્ધતિઓથી સજ્જ થવા માટે VMC કમિશનર અને ડેપ્યુટી કમિશનર દક્ષિણ કોરિયા ખાતે યોજાનાર UNDRR ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા જશે. આ તમામ મંજૂરીઓથી વડોદરા શહેરના વિકાસને નવી ગતિ મળશે.

રૂ.૫.૧૫ લાખ માલમતાની ચોરી કરી હતી

# મોટા પપ્પાના ઘરમાંથી ચોરી કરનાર દીકરી - પ્રેમી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
ગોરવા વિસ્તારમાં રહેતા મોટા પપ્પા અને મોટી મમ્મીએ નાના ભાઈ ની દીકરી શ્રેયા ને પોતાની દીકરી તરીકે રાખતા હતા ત્યારે ગત તા.16 જૂનથી તા.26 ઓગસ્ટ દરમિયાન ઘરમાંથી સોના-ચાંદીના દાગીના ચોરાયા હતા. દરમિયાન ઘરના કબાટની તિજોરીમાં કાળા રંગના પાકીટમાં મૂકેલા આશરે 101 ગ્રામ સોનાના દાગીના રૂ.5 લાખ, તેમજ 20 ગ્રામની ચાંદીની પાયલ રૂ.15 હજાર, મળી રૂ.5.15 લાખના દાગીના ચોરી થયા હતા.પોલીસ તપાસ દરમિયાન શંકાની સોય ઘરમાં રહેતી શ્રેયા તરફ ગઈ હતી. પોલીસે આરોપી મહિલા તથા તેના પ્રેમી દીપકભાઈની ધરપકડ કરી બંનેના બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન હ્યુમન રિસોર્સ તથા ટેકનોલોજીની મદદથી તપાસ કરતા ચોરીના સોનાના દાગીના મહિલા દ્વારા પ્રેમી સાથે મળીને IIFL બેંકમાં ગીરવે મૂકવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું.



પોલીસે તપાસ આગળ ધપાવી IIFL બેંકમાં ગીરવે મૂકેલા સોનાના દાગીના કબજે કર્યા હતા. ઉપરાંત આરોપીઓ પાસે રાખવામાં આવેલા અન્ય સોના-ચાંદીના દાગીના પણ રિકવર કરવામાં આવ્યા છે. ગોરવા પોલીસે રૂ.5.15 લાખના સમગ્ર મુદ્દામાલનો 100 ટકા રિકવરી કરી ગુનો ડિટેક્ટ કર્યો છે. ચોરીના ગુનામાં ગોરવા પોલીસે શ્રેયા ડો. છોટેલાલ સિંગ તાલુદાર સિંગ, ઉંમર 21 વર્ષ, રહે. સૌરભપાર્ક સોસાયટી, લક્ષ્મીપુરા, વડોદરા, મૂળ ઉત્તરપ્રદેશ તથા તેના પ્રેમી દીપકભાઈ લાલજીભાઈ વસાવા, ઉંમર 32 વર્ષ, રહે. ઓમકાર રેસિડન્સી, કોયલી, વડોદરાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરના બાંધકામ શ્રમિકોના અધિકારો માટે AIUTUC દ્વારા દેખાવો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.3
બાંધકામ શ્રમિકોના વિવિધ પ્રશ્નો અને અધિકારોને લઈને ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ટ્રેડ યુનિયન સેન્ટરના આગેવાનો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા અને ઈ-નિર્માણ કાર્ડ ધારકોને મફત સારવાર અને 3000 પેન્શન આપવા સહિતની માંગણી કરવામાં આવી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે, ઈ-નિર્માણ કાર્ડ અને રજીસ્ટર કાર્ડ ધરાવતા તમામ બાંધકામ મજૂરોને ઈએસઆઈસી અને આયુષ્માન કાર્ડ જેવી સુવિધા હેઠળ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં મફત સારવાર મળવી જોઈએ. 60 વર્ષથી વધુ ઉંમરના તમામ બાંધકામ શ્રમિકોને દર મહિને રૂ. 3,000નું પેન્શન આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. વરસાદની સિઝનમાં જ્યારે બાંધકામનું કામ બંધ હોય છે ત્યારે શ્રમિકો બેરોજગાર બની જાય છે.

વોર્ડ નંબર ૩, દબાણ શાખા અને સયાજીગંજ પોલીસનું સંયુક્ત ઓપરેશન

# ફતેગંજ મેઈન રોડ પર દબાણ શાખાનું મેગા ડિમોલિશન: ૫ ટ્રક સામાન જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
વડોદરા શહેરના ફતેગંજ મેઈન રોડ પર સતત વધતા જતા અનધિકૃત દબાણો અને તેના કારણે સર્જાતી ટ્રાફિકની ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને આજે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૩ નો સ્ટાફ, દબાણ શાખાની ટીમ તેમજ સયાજીગંજ પોલીસ સ્ટેશનના કાફલાએ સંયુક્ત રીતે ફતેગંજ મેઈન રોડ પર વ્યાપક દબાણ હટાવો ઝુંબેશ ચલાવી હતી. ફતેગંજ મુખ્ય માર્ગ પર લાંબા સમયથી લારી-ગલ્લા, ગેરકાયદેસર શેડ તેમજ ઓટલાઓનું દબાણ વધી ગયું હતું. માર્ગ પર આવેલા હોસ્પિટલ જેવા સંવેદનશીલ સ્થળોની દિવાલો પણ આ દબાણોના કારણે ઢંકાઈ ગઈ હતી અને સામાન્ય નાગરિકો




તથા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે વહીવટી તંત્રે સ્થાનિક પોલીસને સાથે રાખીને ઓચિંતી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન રસ્તા પર અડચણરૂપ બનતા તમામ લારી-ગલ્લા, પાકા શેડ અને અનધિકૃત ઓટલાઓને દૂર કરવામાં આવ્યા હતા. આ મેગા ડ્રાઈવ દરમિયાન કોર્પોરેશનની ટીમે આશરે પાંચ ટ્રક જેટલો સામાન જપ્ત કરીને કબ્જે લીધો હતો. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ, ફતેગંજ વિસ્તારમાં ટ્રાફિકનું સોલ્યુશન લાવવા અને રસ્તાઓ ખુલ્લા કરવા માટે દબાણ દૂર કરવાની આ કડક કાર્યવાહી હજુ પણ આગળ ચાલુ રાખવામાં આવશે.

કલાલી બિલ રોડ પર ઘટના બનતા ભયનો માહોલ

# મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી ગઠિયો ફરાર

**પાછળથી અજાણ્યા** શખ્સે ૨૦ ગ્રામની ચેઇન - લોકેટ મળી રૂ.૫૭ હજારના દાગીના આંચકી લીધા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
વડોદરા શહેરમાં સ્નેચિંગની ઘટનાઓને અંજામ આપતા તસ્કરો સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે ત્યારે અટલાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી જવાની ઘટના સામે આવી છે. કલાલી બિલ રોડ પર દીકરીને સ્કૂલેથી ઘરે લઈ જઈ રહેલી મહિલા પાછળથી આવેલા અજાણ્યા શખ્સે નિશાન બનાવી હતી. આરોપી સોનાની ચેઈન અને લોકેટ મળી રૂ.57 હજારના દાગીના ખેંચી ફરાર થઈ ગયો હતો. બિલ કલાલી રોડ ઉપર આવેલી સોસાયટીમાં રહેતા સરિતા દિપુભાઈ પિલ્લેએ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.27 ઓગસ્ટના બપોરે આશરે 12:30 વાગ્યાના અરસામાં પોતાની દીકરીને સ્કૂલેથી ઘરે લઈ જઈ રહ્યા હતા. તેઓ કલાલી બિલ રોડ પર શ્રીહરી ડુપ્લેક્ષની સામે આવેલા ખેતર નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી એક અજાણ્યો શખ્સ આવ્યો હતો અને મહિલાના ગળામાં પહેરેલી સોનાની ચેઈન જોરથી ખેંચી લીધી હતી. ચેઈન આશરે 20 ગ્રામ વજનની અને રૂ.50 હજારની કિંમતની, જ્યારે તેની સાથેનું સોનાનું 4 ગ્રામનું લોકેટ આશરે રૂ.7 હજારનું હોવાનું જણાવાયું છે. આમ, સ્નેચર રૂ.57 હજારની કિંમતના સોનાના દાગીના આંચકી નાસી ગયો હતો. અટલાદરા પોલીસે તેમની ફરિયાદના આધારૂ સ્નેચરની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં સ્પેશિયલ કોર્ટનુ કડક વલણ

# હેરી સિધી ગેંગના આરોપી રોહિત ઉર્ફે બાબલાની જામીન અરજી ફગાવાઈ

**નવ આરોપીઓએ સંગઠિત** ટોળકી બનાવી જુદાજુદા જિલ્લામાં ગુનાઓ આચર્યાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
વડોદરા શહેરમાં સંગઠિત ગુનાખોરી સામે ગુજસીટોક હેઠળ થયેલી કાર્યવાહી વચ્ચે હેરી લુધવાણી ગેંગના સક્રિય સભ્ય હોવાના આરોપસર ધરપકડ કરાયેલા રોહિત ઉર્ફે બાબલો રામઅવતાર શર્માને હાલ તબક્કે જેલમાંથી બહાર આવવું મુશ્કેલ બન્યું છે. વારસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં આરોપીએ કરેલી જામીન અરજી ગુજસીટોક કોર્ટ દ્વારા વડોદરાની અદાલતે નામંજૂર કરી છે. પોલીસ ફરિયાદ મુજબ હિમાંશુ ઉર્ફે હેરી રમેશકુમાર લુધવાણી સહિત નવ આરોપીઓએ સંગઠિત ટોળકી બનાવી વડોદરા શહેર-જિલ્લા ઉપરાંત ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં શરીર સંબંધિત તેમજ પ્રોહિબિશન એક્ટના ગંભીર ગુનાઓ આચર્યા હોવાનો આક્ષેપ છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ એકબીજાના સંપર્કમાં રહી ગુનાહિત કાવતરું રચી સંગઠિત રીતે ગુનાઓ કરતા હતા. આ મામલે વારસિયા પોલીસ સ્ટેશનમાંથી ગુજરાત આતંકવાદ અને ગુજસીટોકની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. રોહિત ઉર્ફે બાબલોની તા. 28 જુલાઈના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને રિમાન્ડ પૂર્ણ થયા બાદ તે જ્યુડિશિયલ કસ્ટડીમાં હતો. ત્યારબાદ તેણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023ની કલમ 483 હેઠળ જામીન અરજી કરી હતી. જામીન અરજીનો વિરોધ કરતાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આરોપીની પ્રથમદર્શનીય રીતે ગેંગમાં સક્રિય ભૂમિકા સામે આવી છે. તપાસ અધિકારીના સોગંદનામાનો આધાર લેતાં તેમણે જણાવ્યું હતું કે આરોપીઓ સામે અગાઉ પણ ગુનાઓ નોંધાયેલા છે અને અગાઉ કોર્ટ દ્વારા શરતો સાથે જામીન મળ્યા હોવા છતાં ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી હોવાનો ઉલ્લેખ છે. સરકારી પક્ષે વધુમાં દલીલ કરી હતી કે ગુજસીટોક કાયદાની જોગવાઈઓ મુજબ જો આરોપી સામે પ્રથમદર્શનીય કેસ બનતો હોય તો માત્ર સામાન્ય આધાર પર તેને જામીન આપવાથી સંગઠિત ગુનાખોરીને પ્રોત્સાહન મળી શકે છે. આ તમામ દલીલો અને તપાસમાં સામે આવેલી હકીકતોને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ જજ (ગુજસીટોક) વડોદરાએ રોહિત ઉર્ફે બાબલો રામઅવતાર શર્માની જામીન અરજી નામંજૂર કરી છે.

સોમાતળાવમાં PCBનો દરોડો

# ઈન્દોરથી ટ્રાવેલ્સમાં દારૂ ભરી આવેલો શખ્સ ઝડપાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
ઈન્દોરથી લક્ઝરી ટ્રાવેલ્સમાં વિદેશી દારૂનો જથ્થો ભરી વડોદરા સપ્લાય કરવા આવેલા એક શખ્સને વડોદરા શહેર PCBએ ઝડપી પાડયો હતો. 9.24 લાખના વિદેશી દારૂ અને વાહન મળી રૂ.24.29 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સોમાતળાવ વૈષ્ણવ વાટીકા રોડ પર સમૃદ્ધિ રેસિડેન્સી ફ્લેટ સામે મા શક્તિ ટ્રાવેલ્સમાં દારૂનો જથ્થો લાવવામાં આવ્યો હતો. જેના આધારે PCBએ દરોડો પાડી ટ્રાવેલ્સમાંથી દારૂ સાથે રફીક સલીમભાઈ શેખ (રહે. શિરપુર, મહારાષ્ટ્ર)ને ઝડપી લીધો હતો. પોલીસે ટ્રાવેલ્સમાંથી વિદેશી દારૂની 2,857 બોટલ-ટીન, કિંમત રૂ.9.24 લાખ, મોબાઈલ ફોન રૂ.5 હજાર અને લક્ઝરી ટ્રાવેલ્સ રૂ.15 લાખ મળી રૂ.24.29 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં ટ્રાવેલ્સનો ડ્રાઈવર ઈસ્માઈલભાઈ મલેક, ઈન્દોરનો દારૂ સપ્લાયર જીતેન્દ્ર પાલ અને વડોદરાના ઘાંઘરેટીયાનો વિપુલ પંચાલ ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે. સમગ્ર મામલે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

લો બોલો... કારીગરે જ ખેલ પાડયો..!

# માંડવીના જ્વેલર્સમાંથી નંગ સેટિંગના બહાને ૬૮ ગ્રામ સોનું લઈ કારીગર છૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3
માંડવીની સોના-ચાંદીની દુકાનમાં નંગ સેટિંગનું કામ કરવા આવેલા કારીગર પર જ માલિકે વિશ્વાસ મૂક્યો, પરંતુ કારીગર જ દુકાનના સોનાને હાથફેરો કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. જમવા જવાનું કહી દુકાનમાંથી નીકળેલા કારીગરના બે કલાક સુધી પરત નહીં ફરતાં વેપારીને શંકા ગઈ હતી. મોબાઈલ સ્વિચ ઓફ આવતાં દુકાનમાં તપાસ કરતાં નંગ સેટિંગ માટે આપવામાં આવેલું રૂ.7.61 લાખની કિંમતનું 68 ગ્રામ સોનું લઈને ફરાર થઈ જતાં પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. માંડવી સ્થિત શામળ બેચરની પોળમાં શ્રીજી એપાર્ટમેન્ટમાં H.V.K. જ્વેલર્સ ચલાવતા વેપારી કેતનભાઈ સુંદરલાલ શાહની ફરિયાદના આધારે પોલીસે નઝીમુદ્દીન નામના કારીગર સામે કાર્યવાહી હાથ ધરી છે. કારેલીબાગની અંબેપાર્ક સોસાયટીમાં રહેતા કેતનભાઈને તેમની દુકાન માટે નંગ સેટિંગના કારીગરની જરૂર હતી. આ દરમિયાન રાજકોટના વેપારી મિત્ર હસીબુદ્દીન ઉર્ફે રમઝાન શેખ મારફતે વ્હોટ્સએપ પર નઝીમુદ્દીન નામના કારીગરની ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ ગત 19 ઓગસ્ટના રોજ વહેલી સવારે કેતનભાઈ પોતે કાલાઘોડા ખાતેથી નઝીમુદ્દીનને તેડી લાવ્યા હતા અને તેણે દુકાનમાં કામ શરૂ કર્યું હતું. દરમિયાન ગત 1 સપ્ટેમ્બરના રોજ બપોરે આશરે સવા એક વાગ્યાના સમયે નઝીમુદ્દીને વેપારીને હું જમવા માટે જાઉં છું તેમ કહી દુકાનમાંથી બહાર નીકળ્યો હતો. જોકે, બે કલાકથી વધુ સમય વીતી જવા છતાં તે પરત આવ્યો નહોતો. જેથી વેપારીને શંકા જતાં બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેના મોબાઈલ પર ફોન કર્યો હતો, પરંતુ મોબાઈલ સ્વિચ ઓફ આવતાં શંકા વધુ ઘેરી બની હતી. આ પછી દુકાનમાં રહેલા કિંમતી સોના-ચાંદીના માલસામાનની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નંગ સેટિંગના કામ માટે નઝીમુદ્દીનને આપવામાં આવેલો આશરે 68 ગ્રામ વજનનો સોનાનો દાગીનો દુકાનમાંથી ગાયબ હોવાનું જણાયું હતું. તેની કિંમત આશરે રૂ.7.61 લાખ હોવાનું જણાવાયું છે. વિશ્વાસ મૂકીને કામ સોંપેલા કારીગર જ સોનું લઈને ફરાર થઈ જતાં વેપારીને મોટો આંચકો લાગ્યો હતો. આખરે સમગ્ર મામલે માંડવી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે નઝીમુદ્દીનની શોધખોળ શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.